ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૫૦/૧૮–૧૯/૨૫૫
તારીખ : 16 JAN 2019

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૫૦/૧૮–૧૯

પ્રતિ,
શ્રી અણીયાળીયા શંકરભાઈ પોપટભાઈ,
રહે. છત્રીયાળા, તા.ચુડા,
જી.સુરેન્દ્રનગર.
**મો.નં. ૯૬૬૨૪ ૦૨૫૩૮**

**વિષય : વીજજોડાણનાં વીજપોલ ફેરવવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૬/૧૨/૧૮ .
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫૦/૧૮–૧૯/૫૬૬૭ તા.૧૭/૧૨/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫૦/૧૮–૧૯/૫૭૪૬ તા.૨૪/૧૨/૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૩/૦૧/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચુડા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

## કેઈસ નંબર – ૧૫૦/૧૮–૧૯

વાદી :– શ્રી અણીયાળીયા શંકરભાઈ પોપટભાઈ

**વિરૂઘ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખ:– ૦૩.૦૧.૨૦૧૯**

હાજર રહયા :– શ્રી અણીયાળીયા શંકરભાઈ પોપટભાઈ – વાદી પોતે

પ્રતિવાદી :– શ્રી એમ. આર. ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી અણીયાળીયા શંકરભાઈ પોપટભાઈ, મુ.સુરેન્દ્રનગરની ખેતીવાડી વીજજોડાણ નો પોલ ફેરવવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૫૦/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૫૦/૧૮–૧૯/૫૬૬૭ તા.૧૭/૧૨/૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૩.૦૧.૨૦૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી અણીયાળીયા શંકરભાઈ પોપટભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એમ. આર. ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ચુડા તાલુકાના છત્રીયાળા ગામે ખેતીવાડીનું વીજ કનેકશનના જે પોલ થાંભલા ઉભા કરવામાં આવેલ છે, તે અમોને ખેતીકામ કરવામાં નડતરરૂપ છે. ગાડા, બળદ, ટ્રેકટર લઈ જવામાં નડતરરૂપ છે.

૧.૨ જેનું પીજીવીસીએલ ચુડા નવું વીજજોડાણ મંજુર થયેલ છે, તેનું નામ શામજીભાઈ ઉકાભાઈ રહે. છત્રીયાળા છે.

૧.૩ અમોએ અવારનવાર રજુઆત પીજીવીસીએલ કચેરીમાં ચુડા ખાતે કરેલ છે, લેખિતમાં અરજી કરેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૪ અમારા શેઢે શેઢે પોલ નાખવામાં આવે તો અમોને નડતરરૂપ નથી.

૧.૫ અનેક રજુઆત છતાં ચુડા પીજીવીસીએલ સ્તરે અધિકારી અમારી રજુઆત સાંભળતા નથી, ધકકા ખવરાવે છે, યોગ્ય કરવા વિદીત.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,**

૨.૧ સદર વાદીશ્રીની રજુઆત અન્વયે જણાવવાનું કે છત્રીયાળા ગામના શ્રી શામજીભાઈ ઉકાભાઈ નાકીયાની જમીન સર્વે નં.૩૩૫ ના ખેતરમાં પીજીવીસીએલ કંપની ચુડા પેટા વિભાગીય કચેરી ખાતે નવા ખેતીવાડી વીજજોડાણ માટે અરજી કરેલ હતી. જે અનુસંધાને ચુડા પેટા વિભાગીય કચેરી દવારા નવીન વીજ લાઈન ઉભી કરી, નવું ખેતીવાડી વીજજોડાણ ચાલુ કરી આપવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

૨.૨ સદર નવા ખેતીવાડી વીજજોડાણ માટે ઉભી કરવામાં આવેલ વીજ લાઈન વાદી શ્રી (છત્રીયાળા ગામના શ્રી અણીયાળીયા શંકરભાઈ પોપટભાઈ) ને નડતરરૂપ છે, તેવી રજુઆત ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભાવનગર ખાતે કરવામાં આવેલ.

૨.૩ જેના અનુસંધાને ચુડા પેટા વિભાગીય કચેરીના જુનીયર ઈજનેર દવારા સ્થળ તપાસ કરતાં માલુમ પડેલ છે કે તેમના દવારા કરવામાં આવેલ રજુઆત મુજબના ત્રણ પોલમાંથી બે પોલ તેમના ખેતરની બહાર શેઢા પર ઉભા કરવામાં આવેલ છે અને ત્રીજો પોલ તેમના ખેતરની બાજુના રોડના બીજા છેડે ઉભો કરવામાં આવેલ છે, જેનું સ્થળ પરનું તા.૦૧/૦૧/૨૦૧૯ ના રોજ નું રોજકામ તેમજ ફોટોગ્રાફ આ સાથે સામેલ છે.

૨.૪ વધુમાં ત્યાંના સ્થાનિક આજુબાજુના ખેડુતો દવારા જાણવા મળેલ માહિતી અનુસાર સદર માર્ગ કાયદેસર આશરે ૨૦ ફૂટ જેટલો પહોળો છે.

☞ **ફોરમનું તારણ** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી શંકરભાઈ પોપટભાઈ ગામ–છત્રીયાળા, તા.ચુડા એ ફોરમને રજુઆત કરેલ છે કે છત્રીયાળા ગામમાં શામજીભાઈ ઉકાભાઈ નાકીયાને ખેતીવાડી વીજજોડાણ આપવા માટે પ્રતિવાદીએ થાંભલા ઉભા કરેલ છે, તે તેઓને નડતરરૂપ છે, જેથી તે થાંભલા દૂર કરાવવાં.

૩.૨ પ્રતિવાદીએ ફોરમને રજુ કરેલ તા.૦૨/૦૧/૨૦૧૯ ના રોજનું સ્થળ રોજકામ જેમાં પ્રતિવાદીનાં નાયબ ઈજનેર તેમજ છત્રીયાળા ગામનાં સરપંચશ્રી ધુડાભાઈની સહી છે.

૩.૩ પ્રતિવાદીએ રજુ કરેલ રોજકામમાં વાદી અરજદારની ખેતીલાયક જમીનના શેઢા પર બે પોલ ઉભા કરવામાં આવેલ છે. રજુ કરેલ રોજકામ અને નકશા પરથી તેવું જણાય છે કે પ્રતિવાદીએ ઉભા કરેલ પોલ શેઢા પર છે અને વાદી અરજદારની જમીનમાં નાંખેલ નથી. આથી વાદીએ કરેલ રજુઆત ગ્રાહય રાખવામાં આવતી નથી.

Consumer Grievance Redressal Forum ✲ P.G.V.C.L. Bhavnagar.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૩ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(બી. જે. દવે)** | **(પી. એચ. માવાણી)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ |
| તારીખ :– ૦૩.૦૧.૨૦૧૯ | | પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

Consumer Grievance Redressal Forum ✱ P.G.V.C.L. Bhavnagar.